ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત

Fax: (079) 2630 2654
Phone : 26301341-26300342-43
26300126
Telegram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY
**( NAAC Accredited B ++ )**
**www.gujaratuniversity.org.in**

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બો સ નં. ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010, NAVRANGPURA,
AHMEDABAD-380009. (INDIA)

નં./પરીક્ષા/૨૫૯૯૩/૨૦૧૬ તા. ૧૬/૧૧/૨૦૧૬
પરિપત્ર નં.: ૨૩૩

પ્રતિ,
ગુજરાત યુનિવર્સીટી સંલગ્ન તમામ ભવનોના અધ્યક્ષશ્રીઓ/વિભાગોના વડાશ્રીઓ/કોલેજોના આચાર્યશ્રીઓ/માન્ય અનુસ્નાતક કેન્દ્રોના વડાશ્રીઓ તરફ..

વિષય : ગુજરાત યુનિવર્સીટીની પરીક્ષાઓની ઉત્તરવહીઓની મુલ્યાંકન કામગીરી બાબત.

શ્રીમાન,

ગુજરાત યુનિવર્સીટી દ્વારા લેવનારી પરીક્ષાઓના પરિણામો સમયસર આવે તે હેતુથી આપની સંસ્થાના તમામ પ્રાધ્યાપકોને પરીક્ષણ કાર્ય ફરજીયાત કરવાનું નક્કી કરેલ છે. દરેક પ્રાધ્યાપકોએ સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાએ ઓછામાં ઓછી ૪૦૦ જવાબવહી તપાસવાની રહેશે. પ્રાધ્યાપકોના અનુભવની લઘુતમ લાયકાત નીચે પ્રમાણે રહેશે.

૧) F.Y. ( સેમ. ૧ અને ૨ ) : પાંચ વર્ષ કે તેથી ઓછો અનુભવ
૨) S.Y. ( સેમ. ૩ અને ૪ ) : પાંચ વર્ષથી વધુ પરંતુ ૧૦ વર્ષ સુધીનો અનુભવ
૩) T.Y ( સેમ. ૫ અને ૬ ) : ૧૦ વર્ષથી વધુ અનુભવ
૪) અનુસ્નાતક (સેમ. ૧, ૨, ૩ અને ૪) : ૧૦ વર્ષથી વધુ અનુભવ

તમામ પૂર્ણ સમયના / ખંડ સમયના પ્રાધ્યાપકો માટે પરીક્ષણ કાર્ય ફરજીયાત રહેશે, તમામ પરીક્ષાની જવાબવાહીઓ જે તે વિષયની પરીક્ષા પુરી થયાના પાંચ દિવસ પછી પરીક્ષકે આવી મધ્યસ્થ મૂલ્યાંકન પધ્ધતિ મુજબ પરીક્ષા ભવનમાં જ પરીક્ષણ કરવાનું રહેશે.

પરીક્ષણ કાર્ય પુરા થયા બાદ દરેક પ્રધ્યાપકે કેટલી ઉત્તરવહી તપાસેલ છે તેની વિગત સાથેનું પત્રક યુનિ. પરીક્ષા વિભાગમાં જમા કરાવવાનું રહેશે. દરેક પ્રાધ્યાપક પરીક્ષણ કાર્ય કરે તે જવાબદારી આપની રહેશે. અસામાન્ય સંજોગોમાં જો પરીક્ષણ કાર્ય કરી ન શકે તેવા પ્રાધ્યાપકોએ ડીનશ્રીની પૂર્વમંજુરી મેળવવાની રહેશે. ખાસ સંજોગોમાં ઓછા અનુભવ ધરાવતા અથવા વિઝીટીંગ પ્રાધ્યાપકોને કુલપતિશ્રી/ડીનશ્રીની મંજુરી મેળવી પરીક્ષણ કાર્ય આપવામાં આવશે. જે માટે આચાર્યશ્રી ધ્વારા ભલામણ કરવી જરૂરી રહેશે. શક્ય હોય, ત્યાં સુધી હાલમાં જે વિષય ભણાવતા હોય તેવા પ્રાધ્યાપકોનું લીસ્ટ ફોન નંબર સાથે જે તે પરીક્ષાના કો-ઓર્ડીનેટરશ્રીને મોકલી આપવા વિનંતી.

(signature)
કુલસચિવવતી